# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી, પોરબંદર

જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ શાખા, પોરબંદર
ટેલી.નં.:- ૦૨૮૬-૨૨૨૦૮૦૦, ફેક્સ નં.:- ૨૨૨૦૮૦૧ Email Id :- dismgmt-por@gujarat.gov.in

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અને ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ અન્વયેનું જાહેરનામું

નં એમએજી/સી/કર્ફ્યુ/કોરોના/જા.ના/૧૨-૧/૨૦૨૨ તા.૧૨/૦૧/૨૦૨૨

વંચાણેઃ (૧) ગૃહવિભાગ, ગુજરાત સરકારના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૦૭/૦૧/૨૦૨૨

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક : એમએજી/સી/કર્ફ્યુ/કોરોના/જા.ના./૦૭-૦૧/૨૦૨૨, તા.૦૭/૦૧/૨૦૨૨

(૩) ગૃહવિભાગ, ગુજરાત સરકારના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૧૧/૦૧/૨૦૨૨

### -:: જાહેરનામું :: -

ગૃહવિભાગ, ગાંધીનગરના વંચાણે લીધા ક્રમ-૧ થી નોવેલ કોરોના વાયરસ COVID-19 ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ હોય આ સબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજય સરકારના ગૃહવિભાગ ધ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. રાજ્યમાં કોવિડ-૧૯ ના સંક્રમણની બાબતને ધ્યાને લઇ તા.૦૮/૦૧/૨૦૨૨ થી તા.૧૫/૦૧/૨૦૨૨ સુધી મુકવામાં આવેલ હોય અત્રેની કચેરીના વંચાણે લીધા ક્રમ-૨ તા.૦૭/૦૧/૨૦૨૨ ના જાહેરનામાથી નિયત્રંણો મુકવામાં આવેલ છે.

ત્યારબાદ ગૃહ વિભાગ ગાંધીનગરના વંચાણે લીધા ક્રમ-૩ થી નિયંત્રણોની અવધિ નીચે મુજબના ફેરફારો સાથે અમલવારી તા.૨૨/૦૧/૨૦૨૨ ના સવારના ૦૬.૦૦ કલાક સુધી લંબાવવા સુચના થઇ આવેલ છે અને જે મુજબ પોરબંદર જિલ્લાના વિસ્તાર માટે સરકારશ્રીના હુકમોનું ચુસ્તપણે અમલ થાય તે માટે જાહેરનામું બહાર પાડવા ઉકત હુકમથી સુચના થયેલ છે.

વાસ્તે, હું અશોક શર્મા, આઇ.એ.એસ, જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર, ફોજદારી કાર્યરિતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ ૧૪૪, The Disaster Management Act 2005ની કલમ-૩૦ તથા કલમ-૩૪ અને The Gujarat Epidemic Diseases COVID-19 Regulations, 2020ની કલમ–૨ અન્વયે મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારો માટે નીચે મુજબના નિયંત્રણો મુકવા ફરમાવું છું,

### નિયંત્રણો

(૧)નીચે મુજબના નિયંત્રણો સમગ્ર પોરબંદર જિલ્લામાં અમલમાં મૂકવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | સમગ્ર રાજયમાં તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો તેમજ ધાર્મિક સ્થળો | ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે. |
| ૨ | લગ્ન પ્રસંગ | ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે.<br>લગ્ન પ્રસંગ માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણી કરાવવાની રહેશે. |

**-:: અમલવારીનો સમયગાળો::-**

આ હુકમ તા.૧૧/૦૧/૨૦૨૨ થી તા.૨૨/૦૧/૨૦૨૨ સુધી અમલમાં રહેશે.

**વિસ્તાર**

આ હુકમ પોરબંદર જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામાની બજવણી વ્યક્તિગત રીતે કરવી શકય ન હોય એકતરફી પ્રસિધ્ધી કરવા હું એવો પણ આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરે સદરહું હુકમ નિર્દિષ્ટ કરેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને તથા લાઉડ સ્પીકર તેમજ સ્થાનિકે થી પ્રસિધ્ધ થતાં વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી જાહેરાત કરી/ કરાવીને પ્રસીધ્ધ કરશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮, ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૯ તથા The Gujarat Epidemic Diseases Act 1897 તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની જોગવાઇઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૨/૦૧/૨૦૨૨ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

(અશોક શર્મા)
જિલ્લા મેજિસ્ટ્રેટ
પોરબંદર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ::-</u>

૧. માન.અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ.
૨. માન.અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ.
૩. માન.સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ.
૪. કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, જુના સચિવાલય, ગાંધીનગર તરફ.
૫. પોલીસ મહા નિર્દેશકશ્રી અને પોલીસ મહા નિરીક્ષકશ્રી, ગાંધીનગર. તરફ.
૬. અધિક પોલીસ મહા નિર્દેશકશ્રી, (ઈન્ટે.), ગાંધીનગર તરફ.
૭. નિયામકશ્રી, માહિતી ખાતુ, ગાંધીનગર તરફ.

<u>નકલ જય ભારત સહ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ : -</u>

૧. મે.જિલ્લા ન્યાયધીશશ્રી, જિલ્લા ન્યાયાલય પોરબંદર તરફ
૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર તરફ
૩. પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફ

----- જાહેરનામાની નકલો આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે. તો તાબાના અમલદારોને મોકલી આપી પ્રસિધ્ધી કરાવી અમલવારી કરવા સુચનાઆપવા સારૂં.

<u>નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે: -</u>

૧. નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી પોરબંદર
૨. સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને પ્રાંત અધિકારીશ્રી, પોરબંદર અને કુતિયાણા
૩. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, (ગ્રામ્ય/શહેર), પોરબંદર
૪. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, પોરબંદર .

આ જાહેરનામાની જાહેરાત જાહેર સ્થળોએ તેની નકલો ચોંટાડી પ્રસિધ્ધિ આપવા તથા સમગ્ર જીલ્લાના વિસ્તારોમાં રોગચાળો ફેલાતો અટકાવવા આરોગ્ય વિષયક જરૂરી કાર્યવાહી કરવા તથા સબબ, જાહેરનામાંની અમલવારી સુનિશ્ચિત કરાવવા જરૂરી પગલાં લેવા સારૂ.

૫. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ/પંચાયત), પોરબંદર

૬. જીલ્લા પુરવઠા અધિકારીશ્રી પોરબંદર

૭. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પોરબંદર

૮. નાયબ વન સંરક્ષકશ્રી, પોરબંદર

૯. મદદનીશ કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયામક તંત્ર, પોરબંદર

૧૦. વિભાગીય નિયામકશ્રી, એસ.ટી.વિભાગ, જુનાગઢ (મારફત ડેપો મેનેજરશ્રી, પોરબંદર)

૧૧. એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદારશ્રી, પોરબંદર(શહેર/ગ્રામ્ય), રાણાવાવ, કુતિયાણા
તરફ અમલ કરવા સારૂ.

૧૨. તાલુકા વિકાસ અધિકારીશ્રી, પોરબંદર, રાણાવાવ, કુતિયાણા તરફ અમલ કરવા સારૂ.

૧૩. સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી, પોરબંદર તરફ

૧૪. ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, પોરબંદર-છાંયા, રાણાવાવ, કુતિયાણા
તરફ અમલ કરવા સારૂ.

૧૫. સબંધિત થાણા અમલદારશ્રીઓ, તમામ તરફ.(પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર મારફત)
પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરી તેના પંચરોજકામની નકલ આપના રેકર્ડ પર રાખવા સારૂ.

૧૬. જિલ્લા સરકારી વકીલશ્રી, ડિસ્ટ્રિકટ કોર્ટ પોરબંદર તરફ

૧૭. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, પોરબંદર તરફ

૧૮. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પોરબંદર તરફ

૧૯. સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, પોરબંદર તરફ.
સ્થાનિક વર્તમાન પત્રો, દૈનિક સમાચાર પત્રોમાં હુકમ વિના મુલ્યે પ્રસિધ્ધ કરી અત્રે નકલ મોકલવા નોંધ લેવા સારૂ.

૨૦. પી.એસ.આઇ.શ્રી. રેલ્વે પોલીસ, રેલ્વે સ્ટેશન, પોરબંદર

૨૧. મેનેજરશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતું, રાજકોટ
ઉકત જાહેરનામું રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની ૧૦(દસ) નકલો અત્રે મોકલી આપવા વિનંતી.